સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

SPIPA
Light the Lamp of Knowledge

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૧૯-૨૦/પ્રવેશ પરીક્ષા ૨૦૧૯/૧૮/સ્ટડી તા. ૨૧/૧૧/૨૦૧૯

# UPSC CIVIL SERVICES EXAMINATION TRAINING PROGRAMME 2019-20

## રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો દ્વિતિય તબક્કો

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૦ માટેના તાલીમ કાર્યક્રમ ૨૦૧૯-૨૦ માટેની પ્રવેશ પરીક્ષા ૨૦૧૯ નું અંતિમ પરીણામનું જાહેરનામું તા.૧૧-૧૧-૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જણાવ્યા પ્રમાણે તા.૧૮-૧૧-૨૦૧૯ (સોમવાર) અને તા.૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર)ના રોજ મેરીટ નં.૧ થી મેરીટ નં.૬૫૦ સુધીના ઉમેદવારોનો રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન રાખવામાં આવેલ.

ઉક્ત રજીસ્ટ્રેશન કેમ્પમાં સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના તાલીમકેન્દ્રોમાં ખાલી રહેવા પામેલ સંખ્યાબળની વિગત નીચે મુજબ છે.

| Total Vacant Seats | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr. No. | Name of Centre | Total Seats | Unreserved | | EWS | | SC | | ST | | SEBC | |
| | | | M | F | M | F | M | F | M | F | M | F |
| 1 | SPIPA + RTC, Ahmedabad | 16 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 6 | 7 | 0 | 3 |
| 2 | Gujarat Commerce College | 47 | 0 | 0 | 0 | 5 | 0 | 4 | 16 | 8 | 0 | 14 |
| 3 | RTC, Vadodara | 34 | 0 | 7 | 4 | 2 | 1 | 1 | 6 | 3 | 5 | 5 |
| 4 | RTC, Surat | 44 | 2 | 8 | 4 | 2 | 3 | 1 | 6 | 3 | 11 | 4 |
| 5 | RTC, Rajkot | 46 | 3 | 8 | 4 | 2 | 3 | 1 | 6 | 3 | 11 | 5 |
| | Total Seats | 187 | 5 | 23 | 12 | 11 | 7 | 7 | 40 | 24 | 27 | 31 |

જે ધ્યાને લઈ, તા.૧૧-૧૧-૨૦૧૯ ના રોજ સંસ્થાની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ **Merit List cum Result** માં દર્શાવેલ મેરીટ નંબરની યાદી મુજબ, પ્રવેશ મેળવવા ઈચ્છતા સંબંધિત ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે અચૂક હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

| તારીખ | હાજર થવાનો સમય | વિગત |
|---|---|---|
| ૨૫-૧૧-૧૯ | સવારે ૧૦.૦૦ કલાકથી | મેરિટ નં. ૬૫૧ થી ૧૨૩૬ સુધીમાં સમાવિષ્ટ થતી તમામ કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો |
| ૨૬-૧૧-૧૯ | સવારે ૧૦.૦૦ કલાકથી | મેરિટ નં. ૬૫૧ થી ૧૨૩૬ સુધીમાં સમાવિષ્ટ થતા તમામ કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| નોંધ: (૧) જે તે તાલીમકેન્દ્ર ખાતે ખાલી રહેતી જગ્યાઓ પર રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ મેરીટવાઇઝ અને કેટેગરીવાઇઝ જગ્યા ભરવામાં આવશે. (૨) તા.૨૫-૧૧-૨૦૧૯ ના રોજ રજીસ્ટ્રેશન કેમ્પ બાદ જે તે તાલીમકેન્દ્ર ખાતે મહિલા ઉમેદવારોની જગ્યા ખાલી રહેવા પામશે તો તે ખાલી જગ્યા તા.૨૬-૧૧-૨૦૧૯ ના રોજ રજીસ્ટ્રેશન કેમ્પ વખતે તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી. | | |

ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ મેરિટ મુજબના ઉમેદવારોને રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવા માત્રથી તેમનો પ્રવેશ માટેનો હક્ક પ્રસ્થાપિત થતો નથી, સંબંધીત દિવસે અને સમયે ઉમેદવારોને તેમના સેન્ટર પ્રેફરન્સ મેરીટ નંબર, કેટેગરી અને જે તે સંબંધિત સેન્ટર પર જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઇ, રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી. ડિપોઝીટ ભર્યા સિવાય કોઈપણ ઉમેદવારનો પ્રવેશ માન્ય ગણાશે નહિ. ડિપોઝીટ ભરેલ ઉમેદવારોનો પ્રવેશ જ આખરી ગણાશે.

સ્પીપાની વેબસાઇટ પર તાલીમવર્ગ ૨૦૧૯-૨૦માં પ્રવેશ આપવા અંગેનો પત્ર, બાયોડેટા ફોર્મ, બોન્ડ, બાંહેધરી પત્ર અને “અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર” માટેની એક અલગ લિંક મૂકવામાં આવેલ છે. જેને ડાઉનલોડ કરી તેમાનાં પત્રને ધ્યાનથી વાંચીને જરૂરી વિગતો ભરીને/ દર્શાવેલ કાર્યવાહી કરીને ઉમેદવારે રજીસ્ટ્રેશન કેમ્પ વખતે સાથે લાવવાની રહેશે, સંબંધિત ઉમેદવારને પ્રવેશ મળ્યા બાદ દિન-૭ માં બોન્ડ સંસ્થા ખાતે જમા કરાવી શકશે.

બાયોડેટા ફોર્મ માં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત/સ્વયંપ્રમાણિત નકલો સહિત હાજર થવાનું રહેશે. તેમજ સ્પીપા અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ સમયે નીચે જણાવ્યા મુજબની ડિપોઝીટ ફરજિયાત જમા કરાવવાની રહેશે.

| ક્રમ | તાલીમકેન્દ્રનું નામ | તાલીમ ડિપોઝીટ | લાયબ્રેરી ડિપોઝીટ | રીડીંગરૂમ ડીપોઝીટ | કુલ રકમ (રૂ!.) |
|---|---|---|---|---|---|
| ૧ | સ્પીપા, અમદાવાદ | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | ૩,૦૦૦/- | ૬,૨૦૦/- |
| ૨ | ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | | | | |
| ૩ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ | | | | |
| ૪ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | - | ૩,૨૦૦/- |
| ૫ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત | | | | |
| ૬ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ | | | | |

સંસ્થા તેમજ તેના તાબા હેઠળના તાલીમ કેન્દ્રો ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ડિપોઝીટ ભરવા અંગે નીચેની બાબતોને અચૂકપણે ધ્યાને લેવાની રહેશે:-

A. પ્રવેશ મેળવનાર ઉમેદવારોએ Debit Card/Credit Card દ્વારા જ ઉપરની ડિપોઝીટની રકમ ભરવાની રહેશે. તે સિવાયના અન્ય કોઈ પણ માધ્યમથી ડિપોઝીટ સ્વીકારવામાં આવશે નહિ.

B. ડિપોઝીટ ભર્યા સિવાય કોઈપણ ઉમેદવારનો પ્રવેશ માન્ય ગણાશે નહિ. ડિપોઝીટ ભરેલ ઉમેદવારોનો પ્રવેશ જ આખરી ગણાશે.

C. આમ, ઉમેદવારોને સૂચન છે કે તેઓએ રજીસ્ટ્રેશન કેમ્પ સમયે મહત્તમ રૂ. ૬૨૦૦/- ડિપોઝીટ ભરી શકાય તે મુજબ Debit Card / Credit Cardથી ટ્રાન્સઝેક્શન થઈ શકે તેવી વ્યવસ્થા કરીને/ એટલે કે પોતાના સંબંધીત બેંક એકાઉન્ટનું બેલેંસ ચકાસીને આવવાનું રહેશે કે જેથી રજીસ્ટ્રેશન કેમ્પ વખતે ટ્રાન્ઝેકશન ફેઇલ થવાની શકયતા ના રહે અને તેઓને જે તાલીમકેન્દ્રની ફાળવણી થાય તેને ધ્યાને લઇ,તે મુજબ સંબંધિત તાલીમકેન્દ્ર ખાતે ભરવાની થતી રકમની ડિપોઝીટ ભરી શકાય.

વધુમાં, ગત વર્ષે કે અગાઉના વર્ષોમાં જો કોઈ ઉમેદવાર સંસ્થા કે તેના તાબા હેઠળના કોઈપણ તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ મેળવ્યો હોય તો તેઓએ ફરજિયાતપણે, “અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર”માં આ અંગેનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમ છતાં પણ જો કોઈ ઉમેદવારે સંસ્થા ખાતે તાલીમ માટે બીજીવાર પ્રવેશ મેળવેલ છે, તેવું ધ્યાને આવશે તો તે ઉમેદવારનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે અને તેઓની ડીપોઝીટ કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

<u>રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટેનું સ્થળ:-</u>

<u>તા. ૨૫ અને ૨૬ નવેમ્બર ૨૦૧૯ (સવારે ૧૦.૦૦ ક્લાકેથી)</u>

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઓડિટોરીયમ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર,
સુંદરવન અને ઇસરોની સામે,
સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

Sd/-
સંયુક્ત નિયામક (સ્ટડી)
સ્પીપા, અમદાવાદ